ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી

૪ | શુક્રવાર ૨૯ મે, ૨૦૨૬

હવામાન

| | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| નવસારી | ૩૪.૦° સે. | ૨૯.૦° સે. |
| આહવા | ૩૮.૦° સે. | ૨૫.૦° સે. |
| વલસાડ | ૩૬.૦° સે. | ૩૦.૦° સે. |
| વાપી | ૩૬.૦° સે. | ૩૦.૦° સે. |



# ‘દર્દીઓ રામ ભરોસે’ ભાડાના મકાનમાં ચાલતું ચીખલી આરોગ્યનું સબ સેન્ટર

**મકાન** તોડી નંખાયું પણ 4 વર્ષેય નવું ન બન્યું, બોર્ડ પણ મુકાયું નથી


ધર્મેશ પટેલ

ઘેજ: તાલુકા મથક ચીખલી સ્થિત આરોગ્ય વિભાગનું સબ સેન્ટર જર્જરિત થતાં તોડી નંખાયા બાદ નવું મકાનનું નિર્માણ આજદિન સુધી ન થતાં ચારેક વર્ષથી ભાડાના મકાનમાં સબ સેન્ટર ચલાવવાની નોબત આવી છે.

આલીપોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તાબામાં ત્રણ જેટલા સબ સેન્ટરો પૈકી તાલુકા મથક ચીખલીના ખત્રીવાડ વિસાતરમાં ચામુંડા માતા, સાંઈબાબાના મંદિર પાસે આવેલ સબ સેન્ટરનું મકાન જર્જરિત થતાં તોડી પાડવામાં આવ્યું હતું અને ત્યારબાદ નવા મકાનનું નિર્માણ ન કરવામાં આવતા છેલ્લા ચારેક વર્ષથી એક ખાનગી મકાનમાં સબ સેન્ટર ચલાવવામાં આવી રહ્યું છે.

નવા મકાનની વ્યવસ્થા આરોગ્ય વિભાગ દ્વારા ન કરવામાં આવતા ખાનગી મકાનમાં સબ સેન્ટર ચાલતા સીએમઓ, એમપીએચડબ્લ્યુ, એફએચડબ્લ્યુ અને આશાવર્કરો સહિતનો સ્ટાફ અને સારવાર માટે આવતા દર્દીઓ, સગર્ભા મહિલાઓ સહિતના લોકોને હાલાકી વેઠવાની નોબત આવી છે. આ ખાનગી મકાન કે જેમાં હાલે સબસેન્ટર ચાલે છે ત્યાં બોર્ડ પણ જોવા મળતું નથી એટલે જરૂરિયાત હોય તેઓએ સબસેન્ટર શોધવું પડે છે.

જોકે ચીખલીમાં સબ સેન્ટરના નવા મકાનની મંજૂરી પણ મળી ગઈ હોવા છતાં બાંધકામ માટે જગ્યા પૂરતી ન હોવા ઉપરાંત નીચેથી ભૂગર્ભ ગટર પણ પસાર થતી હોવાથી કોકડું ગુચવાયું હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા અન્ય જમીન કે મકાનની ડિઝાઈન બદલવા સહિતના વિકલ્પ પર વિચારણા કરી સબ સેન્ટરના નવા મકાનનું ઝડપથી નિર્માણ થાય તે દિશામાં કામગીરી હાથ ધરવામાં આવે તે જરૂરી છે.

### કચેરી પાસે મકાન ઉપલબ્ધ છતાં...

ચીખલી સબ ડિસ્ટ્રિક હોસ્પિટલના કેમ્પસમાં જ તાલુકા આરોગ્ય અધિકારીની કચેરી પણ ધમધમે છે અને તાલુકા આરોગ્ય અધિકારીની કચેરી પાસે મકાન ઉપલબ્ધ હોય ખાનગી મકાનના સ્થાને આ સબ સેન્ટર ત્યાં ખસેડવામાં આવે તો લોકોને રાહત થઈ શકે તેમ છે. જોકે કોરોના સમયે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ દ્વારા ટીએચઓ કચેરીનું મકાન હંગામી ધોરણે લીધા બાદ પરત કરવામાં ન આવ્યું હોય અને હાલ આ મકાનનો કોઈ ઉપયોગ ન થતો હોય તેવામાં આ મકાનનું પણ નિરાકરણ લાવી તેમાં સબ સેન્ટર ખસેડવામાં આવે તે જરૂરી છે.

## ખુડવેલ ગામે કાર અડફેટે પાટીના શખ્સનું મોત

ઘેજ: ચીખલીના ખુડવેલ ગામે કારચાલકે અડફેટે લેતા ખેરગામના મોટરસાઈકલ સવાર શખ્સનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું.

ખેરગામના પાટી ગામના પટેલ ફળિયા ખાતે રહેતા ધર્મેન્દ્ર છોટુભાઇ પટેલ (ઉં.વ.૪૭) જે બુધવારની રાત્રિના આઠેક વાગ્યાના સમયે પોતાની એક્સેસ મોપેડ નં-જીજે-૨૧-બી-૭૨૩૨ લઈ ચીખલી ખાતે આવી રહ્યો હતો. દરમિયાન ખુડવેલ મંછા ફળિયા ખાતે આવી પહોંચતા સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક ઈકો કાર (નં. જીજે ૨૧ એક્યુ ૩૧૭૫)ના ચાલકે ગફલતભરી રીતે પોતાની કાર હંકારી લાવી મોપેડ સવાર ધર્મેન્દ્ર પટેલને ટક્કર મારી હતી. અકસ્માતમાં ધર્મેન્દ્ર પટેલને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે ઈકો કાર ચાલક વિરુદ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બોગસ દસ્તાવેજ બનાવી પોસરાની કરોડોની જમીન પચાવવાનો પ્રયાસ

**સુરતના** બે શખ્સ સામે ગુનો દાખલ

નવસારી: જલાલપોર તાલુકાના પોસરા ગામે આવેલી કરોડોની કિંમતી જમીન પર ગેરકાયદે કબજો જમાવવા માટે રચાયેલા એક મોટા અને ચોંકાવનારા કાવતરાનો આખરે પર્દાફાશ થયો છે. મરોલી પોલીસે સમગ્ર મામલે સુરતના બે શખ્સ સામે ગંભીર ગુનો નોંધી તપાસનો ચક્રો ગતિમાન કર્યો છે. આરોપીઓએ ખોટા મરણ દાખલા, બોગસ પેઢીનામા, નકલી સરકારી સિક્કા અને ભ્રામક અરજીઓનો સહારો લઈને જમીન પોતાના કબજામાં લેવાનો પ્રયાસ કર્યો છે.

ફરિયાદ મુજબ રાંદેર, સુરતના મોહમ્મદ નઈમ શબ્બીર અહેમદ મારબલવાલા અને લાજપોરના અખ્તર મૌલવી યુસુફ મહમદ ઘરડાએ પોસરા ગામની બ્લોક નં. 43ની કરોડોની જમીનને નિશાન બનાવી લાંબા સમયથી ગોઠવણ શરૂ કરી હતી. આરોપીઓએ વિવિધ અખબારોમાં ખોટી જાહેર નોટિસો પ્રસિદ્ધ કરાવી હતી તેમજ નાયબ કલેક્ટર અને કલેક્ટર કચેરીમાં ખોટી અપીલો અને દસ્તાવેજો રજૂ કરી સરકારી તંત્રને પણ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. આરોપીઓએ ફરિયાદી અબુબકર બુલબુલીયા અને સાહેદ ભાવેશભાઈ ભગતને સતત દબાણમાં રાખી “ખોટા કેસોમાં ફસાવી દેશું” અને “જાનથી મારી નાખીશું” જેવી ધમકીઓ આપી આશરે 15 લાખ રૂપિયાની ખંડણી માંગ્યાનો પણ આરોપ છે. નવેમ્બર મહિનામાં આસોપાલવ હોટલ નજીક ફરિયાદીને રોકી ધમકાવવામાં આવ્યા બાદ આખા કાવતરાનો ભાંડો ફૂટ્યો હતો.

તપાસમાં વધુ એક હકીકત સામે આવી હતી કે આરોપીઓએ ‘ઇકબાલ’ નામના વ્યક્તિના બોગસ મરણ દાખલા ઊભા કરી ખોટા પેઢીનામા તૈયાર કર્યા હતા. એટલું જ નહીં, સરકારી સિક્કાઓ અને કચેરીના દસ્તાવેજોની નકલો બનાવી સમગ્ર પ્રક્રિયાને કાયદેસર હોવાનું દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. દસ્તાવેજો મુજબ સમગ્ર કૌભાંડ વર્ષ 2024થી ચાલતું હતું, પરંતુ ફરિયાદ વર્ષ 2026માં નોંધાઇ હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપીઓ ફરિયાદીને સતત વિશ્વાસમાં રાખતા હતા અને જમીન નામે થઈ જશે અથવા રોકાણના રૂપિયા પરત મળશે તેવી આશા આપતા રહ્યા હતા. ખોટા હુકમો અને સરકારી નકલોના આધારે ફરિયાદીને ભ્રમમાં રાખવામાં આવતા અંતે સમગ્ર છેતરપિંડી બહાર આવતા મરોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

# નવસારીના લુન્સીકૂઈ મેદાન ફરતે ગ્રીલ લગાવવાની કામગીરીથી રોષ

**મહાનગરપાલિકાના** નિર્ણય સામે શહેરમાં સવાલો, વડીલો અને બાળકોની લાગણીઓ અવગણાઈ હોવાની ચર્ચા



નવસારી: નવસારી શહેરની ઓળખ સમાન ગણાતું અને વર્ષોથી હજારો લોકોના શ્વાસ સાથે જોડાયેલું લુન્સીકૂઈ મેદાન હવે લોખંડી ગ્રીલોના ઘેરાવમાં બંધાઈ રહ્યું છે. નવસારી મહાનગરપાલિકા દ્વારા મેદાનની ફરતે ગ્રીલ લગાવવાની કામગીરી શરૂ થતાં શહેરમાં અસંતોષ અને ચર્ચાનો માહોલ ઊભો થયો છે. લોકોમાં સવાલ ઊઠી રહ્યો છે કે શું શહેરના એકમાત્ર ખુલ્લા અને જીવંત જાહેર સ્થળને પણ હવે “બંધ વ્યવસ્થા”ના નામે સીમિત કરવાની તૈયારી થઈ રહી છે?

વર્ષોથી લુન્સીકૂઈ મેદાન સવારના મોર્નિંગ વોકર્સ, યોગ કરતાં નાગરિકો, રમતા બાળકો અને સાંજે આરામની પળો માણતા સિનિયર સિટીઝનો માટે એક કુદરતી આશ્રયસ્થાન રહ્યું છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે વિકાસ અને સુંદરતાના નામે શું હવે લોકોની સુવિધા અને લાગણીઓ ગૌણ બની ગઈ છે? અને “વડીલો માટે ખુલ્લી પાળીઓ પર બેસવાની જગ્યા રહેશે કે નહીં?” જેવા સવાલો લોકો ખુલ્લેઆમ પૂછતા જોવા મળી રહ્યા છે. ખાસ કરીને સિનિયર સિટીઝનોમાં નિરાશા જોવા મળી રહી છે. કેટલાક વડીલોના મતે, “મેદાન માત્ર જમીનનો ટુકડો નથી, પણ રોજ મળવા, વાતચીત કરવા અને થોડો માનસિક આરામ મેળવવાનો આધાર છે.” આ મુદ્દે કેટલાક જાગૃત નાગરિકોએ નવસારી મહાનગરપાલિકામાં લેખિત રજૂઆત કરી નિર્ણય પર પુનર્વિચાર કરવાની માંગ પણ કરી હોવાનું જાણવા મળ્યું છે.

# ચેક રિટર્ન કેસમાં એક વર્ષની કેદ, વળતર વસૂલવા આદેશ

**નેગોશિએબલ** ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના કેસમાં આ પ્રકારની કડક કાર્યવાહી દુર્લભ માનવામાં આવે છે: કાનૂની નિષ્ણાતો

નવસારી: ગણદેવી કોર્ટ દ્વારા ચેક રિટર્નના એક મહત્ત્વપૂર્ણ કેસમાં કડક ચુકાદો આપવામાં આવતા કાનૂની વર્તુળોમાં ચર્ચા જાગી છે.

બીલીમોરાના ગૌરવભાઈ ચોટલીયાએ આરોપી ભૂમિક આશીષકુમાર દેસાઈને ધંધાકીય જરૂરિયાત માટે રૂ.5.85 લાખ ઉછીના આપ્યા હતા. બાદમાં બાકી રહેલી રૂ.4.85 લાખની રકમ ચૂકવવા આરોપીએ આપેલો ચેક રિટર્ન થયો હતો. ત્યારબાદ ફરિયાદી દ્વારા ગણદેવી કોર્ટમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કેસની સુનાવણી દરમિયાન આરોપી દ્વારા રૂ.4 લાખની આંશિક ચૂકવણી કરવામાં આવી હતી, પરંતુ બાકી રહેલી રૂ.85 હજારની રકમ ચૂકવવામાં તેઓ નિષ્ફળ રહ્યા હતા. ફરિયાદી પક્ષ તરફથી સિનિયર વકીલ વી.એ. નાયક સાથે વકીલ બીકેશ પટેલ, પ્રિયંકા પટેલ અને પૂનમ રાજપૂતે અસરકારક દલીલો રજૂ કરી હતી. બંને પક્ષોની રજૂઆતો અને પુરાવાઓના આધારે એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જીગર એન. મહેતાએ આરોપી ભૂમિક દેસાઈને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી.

અદાલતે આરોપીને બાકી રહેલી રકમના બમણા પ્રમાણમાં રૂ.1.70 લાખ વળતર તરીકે ફરિયાદીને ચૂકવવાનો આદેશ પણ કર્યો છે. ખાસ નોંધનીય બાબત એ રહી કે ચુકાદા સમયે આરોપી કોર્ટમાં હાજર ન હોવાથી તેમની વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અદાલતે વળતરની રકમ વસૂલવા માટે નવસારી કલેક્ટરને પણ કાર્યવાહી કરવા આદેશ કર્યો છે, જેથી જમીન મહેસૂલની બાકી રકમની જેમ વસૂલાત થઈ શકે. આરોપી દ્વારા અગાઉ આપવામાં આવેલા જમીનખત પણ રદ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. કાનૂની નિષ્ણાતોના મતે, નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના કેસમાં આ પ્રકારની કડક કાર્યવાહી દુર્લભ માનવામાં આવે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીના ડુંગરામાં શારીરિક-માનસિક ત્રાસ આપનાર પતિ સામે ફરિયાદ

વાપી: વાપી નજીકના ડુંગરા, નવી નગરીમાં રહેતા મિતલબેન (ઉં.વ.23) ના પ્રેમલગ્ન સમીર મુસ્તાક શાહ સાથે વર્ષ 2025માં થયા હતા. લગ્ન બાદ પતિ વહેમ રાખી તેની સાથે બોલાચાલી કરી ઝઘડો કરતો હતો. ગત તા.25-5-26 ના રોજ રાત્રિના સમયે ફરીથી તેની સાથે બોલાચાલી કરી હતી અને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. પતિ સમીર શાહ દ્વારા અવારનવાર શારીરિક-માનસિક ત્રાસ આપવાને લઈ પત્ની મિતલબેને વાપી ડુંગરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### કપરાડાના બોર્ડર વિલેજના વિદ્યાર્થીઓ માટે ટૂંકમાં વિશેષ ST બસ શરૂ થશે




વલસાડ: રાજ્ય સરકાર દ્વારા વિધાનસભા દીઠ બસ ફાળવવાના નિર્ણય બાદ વલસાડ એસ.ટી ડિવિઝન દ્વારા વલસાડ કપરાડા માટે નવી નક્કોર મિનિ બસ ફાળવ્યા બાદ ગુરુવારે કપરાડા બસ સ્ટેન્ડ ખાતે કપરાડા તાલુકાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, સંગઠન પ્રમુખ અરવિંદભાઈ કોટી, તા.પં.નવનિયુક્ત પ્રમુખ ભરતભાઈ ગાવઢાં, કપરાડા જી. પં. સભ્ય દક્ષાબેન ગાયકવાડ સહિતનાઓ બસને લીલી ઝંડી બતાવી બસને રવાના કરી હતી. ધારાસભ્યએ જણાવ્યું કે આવનારા સમયમાં સરકારની બોર્ડર વિલેજ યોજના હેઠળ વિદ્યાર્થીઓ માટે વિશેષ બસ રૂટ શરૂ કરાશે. અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓ જે આવાગમનની સુવિધાના અભાવે અભ્યાસ અધવચ્ચે છોડી દેતા હતા તેઓ હવે અભ્યાસ કરી શકશે. આ પ્રસંગે વલસાડ ડેપોના ઇન્ચાર્જ ડેપો મેનેજર કે.સી. પટેલ સહિત કપરાડા જિલ્લા, તાલુકા પંચાયત સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

### દમણમાં મુસ્લિમ બિરાદરોએ બકરી ઈદની વિશેષ નમાઝ અદા કરી



દમણ: દમણમાં રહેતા મુસ્લિમ બિરાદરોએ ઉત્સાહ સાથે ઇદ-ઉલ-અઝહા બકરી ઈદની ઉજવણી કરી હતી. દિવસના શરૂઆતમાં વહેલી સવારે પ્રદેશના વિવિધ વિસ્તારમાં આવેલ મસ્જિદ અને ઈદગાહમાં મુસ્લિમ બિરાદરો એકત્ર થઈ બકરી ઈદ નિમિત્તે વિશેષ નમાઝ અદા કરી હતી. નમાઝ બાદ એક બીજાને બકરી ઈદની મુબારકબાદી આપી દેશભરની સાથે પ્રદેશમાં અમન, શાંતિ અને ભાઈચારો જળવાઈ રહે તેવી ખુદા પાસે દુઆ માંગી હતી.

### પારડીમાં બકરી ઈદની હર્ષો ઉલ્લાસ સાથે ઉજવણી


અમૃત પટેલ

પારડી: પારડીમાં આજરોજ સુન્ની મુસ્લિમ જમાત દ્વારા બકરી ઈદની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારના જુમ્મા મસ્જિદમાં મૌલાનાએ બકરી ઈદ નિમિત્તે ઈસ્લામિક રીતિ રિવાજ મુજબ નમાઝ અદા કરવામાં આવી હતી. ભારત અને વિશ્વમાં પરંપરાગત મજહબ અને ઉલ્લાસની સાથે ઉજવવામાં આવે છે. આને અરબી ભાષામાં ઈદ-ઉલ-જુહા અને ભારતીય ઉપ મહાદ્વીપમાં ઉર્દૂમાં બકરી-ઈદ કહેવામાં આવે છે. પારડીમાં બકરી ઈદની ઉજવણી મુસ્લિમ સમુદાય દ્વારા હર્ષોઉલ્લાસ સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે મુસ્લિમ સમાજના અગ્રણી મૌલાના સાથે અનવર મનિયાર, ફૈઝલ ઇકબાલ મલેક, આરીફ દમણીયા, આગેવાનોએ એકબીજાને ગળે મળી બકરી ઈદની મુબારક બાદ આપી હતી. પારડી પોલીસ મથકના પીઆઇ વાય. બી. ગોહિલ અને તેમની ટીમે બંદોબસ્ત ગોઠવી ફરજ પર તૈનાત રહ્યા હતા અને કોમી એકતાના ઉદાહરણ સાથે પારડીમાં બકરી ઈદ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.



ગિરીશ ભોયે

# સાપુતારાના કરોડોના આધુનિક બસ સ્ટેન્ડ પર પ્રાથમિક ‘અસુવિધા’

**ચા-નાસ્તા** અને પાણી માટે પ્રવાસીઓ પરેશાન, બસ સ્ટેન્ડ પરિસરમાં લાંબા સમયથી કેન્ટિન બંધ હાલતમાં ધૂળ ખાઈ રહી છે

સાપુતારા: ગુજરાતના એકમાત્ર પ્રખ્યાત ગિરિમથક સાપુતારા ખાતે પ્રવાસન વિકાસના મોટા-મોટા દાવાઓ વચ્ચે મુસાફરોની હાલાકીનો એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે. અહીં કરોડો રૂપિયાના અધધ ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ બસ સ્ટેન્ડનું નિર્માણ તો કરવામાં આવ્યું છે, પરંતુ તે પ્રવાસીઓ માટે સુવિધાને બદલે મુશ્કેલીનું કેન્દ્ર બની ગયું હોવાના આક્ષેપો ઊઠી રહ્યા છે. ખાસ કરીને લાંબા રૂટની એસ.ટી. બસોમાં મુસાફરી કરીને આવતા લોકોને ચા-નાસ્તો, પીવાનું શુદ્ધ પાણી કે આરામ માટેની યોગ્ય વ્યવસ્થા ન મળતા ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. તંત્રની આ ઘોર બેદરકારીને કારણે પ્રવાસન સ્થળની છબી પણ ખરડાઈ રહી છે.

સ્થાનિકો અને પ્રવાસીઓમાં ભારે આક્રોશ સાથે ચર્ચા છે કે, બસ સ્ટેન્ડ પરિસરમાં લાંબા સમયથી કેન્ટિન બંધ હાલતમાં ધૂળ ખાઈ રહી છે, છતાં એસ.ટી. વિભાગ આ બાબતે મૌન સેવીને બેઠું છે. આ કેન્ટિન બંધ હોવાને કારણે એક તરફ એસ.ટી. નિગમ પોતાની હક્કની આવક ગુમાવી રહ્યું છે, તો બીજી તરફ વડીલો અને મહિલા મુસાફરોને પીવાના પાણી અને નાસ્તા જેવી પ્રાથમિક જરૂરિયાતો માટે બસ સ્ટેન્ડની બહાર ભટકવાની નોબત આવી છે.

કરોડો રૂપિયાનો ધુમાડો કર્યા પછી પણ પ્રવાસીઓને આવી મૂળભૂત સુવિધાઓથી વંચિત રાખવામાં આવતા તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. હાલમાં જનતામાં એવો રોષ જોવા મળી રહ્યો છે કે, તંત્ર મુસાફરોના હિતને બદલે કોના હિતને મહત્ત્વ આપી રહ્યું છે? પ્રવાસન ધામ સાપુતારાની પ્રતિષ્ઠાને અનુરૂપ બસ સ્ટેન્ડની વ્યવસ્થાઓ જળવાઈ રહે અને બંધ પડેલી કેન્ટિન તાત્કાલિક ધોરણે ફરી શરૂ કરીને મુસાફરોને શુદ્ધ પાણી અને ચા-નાસ્તાની સુવિધા પૂરી પાડવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

# ડામરની અગવડતાના કારણે ખોદેલા રસ્તા બનતા નથી!

**નવસારીની** મિથિલાનગરીમાં ડ્રેનેજ કામગીરી ધીમી પડી, આગામી ચોમાસાને લઈ રહીશો ચિંતામાં



નવસારી: નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૪ હેઠળ આવેલા વિરાવળના મિથિલાનગરી વિસ્તારમાં છેલ્લા કેટલાક મહિનાથી ચાલી રહેલી રોડ અને ડ્રેનેજની કામગીરી અધૂરી રહેતા સ્થાનિક રહીશોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તાઓ ખોદાયેલા હોવાને કારણે ધૂળ અને ગંદકીની સમસ્યા ઊભી થઈ છે, જ્યારે તૂટેલી ડ્રેનેજ લાઈનના કારણે લોકોને અસુવિધા અનુભવાઈ રહી છે.

તા. ૨૮ મે, ૨૦૨૬ના રોજ સ્થાનિક કોર્પોરેટર પ્રભાબેન નરેશભાઈ વલસાડીયાએ વિસ્તારની મુલાકાત લીધી હતી. આ દરમિયાન સ્થાનિક રહીશોએ પોતાની સમસ્યાઓ રજૂ કરી વહેલી તકે કામગીરી પૂર્ણ કરવાની માંગ કરી હતી. રહીશોના જણાવ્યા મુજબ છેલ્લા લગભગ છ મહિનાથી રોડનું કામ ચાલી રહ્યું છે, પરંતુ છેલ્લા દોઢ મહિનાથી કામગીરી ધીમી પડી ગઈ છે. કોન્ટ્રાક્ટર દ્વારા ડામરની ઉપલબ્ધતાની સમસ્યા દર્શાવવામાં આવી રહી છે. રસ્તા પર ઉડતી ધૂળના કારણે ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને શ્વાસ સંબંધિત તકલીફ ધરાવતા લોકોને મુશ્કેલી પડી રહી છે.

ગોહિલ સ્કૂલ નજીક ડ્રેનેજ લાઈન તૂટી જતાં ગંદુ પાણી રસ્તા પર આવી રહ્યું છે, જેના કારણે દુર્ગંધની સમસ્યા સર્જાઈ છે. સ્થાનિકોમાં ચિંતા છે કે જો સમયસર મરામત નહીં થાય તો ચોમાસામાં પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. ખાસ કરીને સ્કૂલે જતાં બાળકો અને રોજિંદા અવરજવર કરતા લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

## નવસારીમાં ધોળે દિવસે સવા કલાકમાં સવા લાખની ચોરી

નવસારી: નવસારી શહેરના ગણદેવી રોડ પર શિવ દર્શન સોસાયટી સામે આવેલા વિજયંત એપાર્ટમેન્ટમાં રહેતા અને કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા બિપીનભાઈ નર્મદાશંકર મહેતા ગત 26 મેના રોજ સવારે પોતાનું ઘર તાળું મારી બહાર ગયા હતા. સવારે આશરે 8:45થી 10 વાગ્યા વચ્ચેના ટૂંકા સમય દરમિયાન કોઈ અજાણ્યો તસ્કર ફ્લેટમાં ઘૂસ્યો હતો. ઘરના કબાટમાંથી રોકડા રૂ.40 હજાર ઉપરાંત આશરે 27 ગ્રામના સોનાના દાગીના ચોરી કરી લીધા હતા. ચોરાયેલી મત્તામાં સોનાની ચેઈન, બ્રેસલેટ, બુટ્ટી અને ઓમ આકૃતિવાળું પેન્ડલ સામેલ હોવાનું સામે આવ્યું છે. કુલ મળીને રૂ.1.18 લાખની ચોરી થતાં વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ કેસમાં સૌથી ચિંતાજનક બાબત એ સામે આવી છે કે જે એપાર્ટમેન્ટમાં ચોરી થઈ ત્યાં કોઈપણ પ્રકારની CCTV વ્યવસ્થા ઉપલબ્ધ નથી. નવસારી પોલીસને આ ચોરીમાં કોઈ જાણભેદુ હોવાની શંકા પણ હોય એ દિશામાં તપાસ હાથ ધરી છે.

## બીલીમોરા ગાયકવાડ મિલ ચાલ વિસ્તારમાં ખાળકૂવામાં ગાય ખાબકી


કેરસી બારીયા

બીલીમોરા: બીલીમોરા ગાયકવાડ મિલ ચાલ વિસ્તારમાં વહેલી સવારે ખાળકૂવાનું ઢાંકણ તૂટતા ગાય ખાબકી હતી અને બહાર નીકળવાની મથામણમાં કાદવમાં ખૂંપી ગઈ હતી. સ્થાનિકોએ મદદ માટે પાલિકાને જાણ કરી હતી. જે સાથે બીલીમોરા ફાયરબ્રિગેડ ટીમ અને ગૌસેવક સોનુભાઈ સહિત યુવાનો દોડી આવ્યાં હતા. એક કલાકના રેસ્ક્યુ ઓપરેશન બાદ હેમખેમ ખેંચી કાઢી હતી.

# ‘ઘર બેઠા કમાવો’ની લાલચમાં આવી નવસારીનો યુવક ફસાયો

**લેપટોપ** ટાઇપિંગ જોબના આપવાના નામે સાયબર ટોળકીએ રૂ.96 હજાર પડાવી લીધા

નવસારી: “ઘર બેઠા કમાણી”, “સરળ ટાઇપિંગ કામ” અને “ઝડપી આવક” જેવી લાલચભરી જાહેરાતો હવે સાયબર ઠગો માટે લોકો સુધી પહોંચવાનો સહેલો રસ્તો બની ગઇ છે. જલાલપોર તાલુકાના એક યુવક સાથે આવી જ એક ઓનલાઈન ઠગાઈનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જેમાં ટેલિગ્રામ પર “લેપટોપ ટાઇપિંગ જોબ” આપવાના બહાને અજાણ્યા ગઠિયાઓએ રૂ.96 હજાર જેટલી રકમ પડાવી લીધી હતી.

મળતી માહિતી મુજબ, જલાલપોરના હર્ષભાઈ પટેલને ટેલિગ્રામ એપ પર “LAPTOP TYPING JOB FOR HOME” નામની લિંક મળી હતી. ઘર બેઠા લેપટોપ પરથી ટાઇપિંગ કરીને મોટી કમાણી કરવાની વાતોથી આકર્ષાઈ તેઓએ સંપર્ક કરતાં સામેથી વાત કરનાર વ્યક્તિએ પોતાને એક જાણીતી કંપનીના પ્રતિનિધિ તરીકે ઓળખાવ્યો હતો. વિશ્વાસમાં લીધા બાદ ઠગ ટોળકીએ રજિસ્ટ્રેશન ફી, તો ક્યારેક ડેટા ક્લિયરન્સ ચાર્જ, GST, પેનલ્ટી અને એકાઉન્ટ એક્ટિવેશનના નામે અલગ-અલગ બેંક ખાતાઓમાં ટુકડે-ટુકડે મળી કુલ રૂ.96 હજાર જેટલી રકમ ટ્રાન્સફર કરાવી દીધી હતી.

પરંતુ રૂપિયા જમા કરાવ્યા બાદ પણ કોઈ કામ મળ્યું નહીં અને સંપર્ક કરનાર લોકો જવાબ આપવાનું ટાળવા લાગ્યા. આખરે પોતાની સાથે સાયબર છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં હર્ષભાઈ પટેલે નવસારી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા ટેલિગ્રામ આઈડી અને બેંક ખાતાધારકો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.